RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. ૫૬૯ તા.૧૯–૧–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ફિરોજ એહમદ કલ્લન કુરેશી
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ફિરોજ એહમદ કલ્લન કુરેશીની તા. ૮–૧૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧)રામેશ્વરનગર સોસા.(બમરોલી)માં પ્લોટ નં. ૧૧૩,૧૧૪,૧૧૫, ૧૧૬નાં ૧૨' × ૩૫' નાં સળંગ ચાર પ્લોટ તાજેતરમાં બાંધવામાં આવેલ કુલ ૧૬૮૦ઃ૦૦ સ્કવેર બાંધવામાં આવેલ બાંધકામ કાયદેસર છે કે ગેરકાયદેસર તેની માહિતી આપવા વિ. મુદ્દા નં.(૧)થી (૫)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૯–૧–૧૨ ની **SMC/FAP/** નં.૫૬૯/૨૦૧૧–૧૨

શ્રી ફિરોજ એહમદ કલ્લન કુરેશીની તા. ૮–૧૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) રામેશ્વરનગર સોસા.(બમરોલી)માં પ્લોટ નં. ૧૧૩,૧૧૪,૧૧૫, ૧૧૬નાં ૧૨' × ૩૫' નાં સળંગ ચાર પ્લોટ તાજેતરમાં બાંધવામાં આવેલ કુલ ૧૬૮૦ઃ૦૦ સ્કવેર બાંધવામાં આવેલ બાંધકામ કાયદેસર છે કે ગેરકાયદેસર તેની માહિતી અપાવા વિ. મુદ્દા નં.(૧)થી (૫)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૯–૧–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૧૬૦૧ તા.૩૦–૧–૧૨ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારનેઅપીલ દરમ્યાન માહિતી મળે તો તેમનો પક્ષ આધાર સહ રજૂ કરવા જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૭૮૦ તા.૧૬–૨–૧૨ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, ચારભુજા મોબાઈલ ઈલે. એન્ડ સર્વીસીસ તથા ચામુંડા ઈલે. અને જનરલ સ્ટોર દુકાનોના ફોટાની કોપી, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.સા.વે.ઝોન/૬૧૨ તા.૨૭–૧૨–૧૧ ના પત્રની નકલ, નોંધ વિભાગ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૨–૨–૧૨ નો પત્ર, મુળ અરજીની નકલ, ચારભુજા મોબાઈલના ફોટાની નકલ, ફી ભર્યાની વિગત અત્રે મળેલ છે.

અરજદારની તા.૮–૧૨–૧૧ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં. (૧) રામેશ્વરનગર સોસા.(બમરોલી)માં પ્લોટ નં. ૧૧૩,૧૧૪,૧૧૫, ૧૧૬નાં ૧૨' × ૩૫' નાં સળંગ ચાર પ્લોટ તાજેતરમાં બાંધવામાં આવેલ કુલ ૧૬૮૦ઃ૦૦ સ્કવેર બાંધવામાં આવેલ બાંધકામ કાયદેસર છે કે ગેરકાયદેસર તેની માહિતી. મુદ્દા નં.(૨) ઉપરોકત પ્લોટ ઉપર બાંધવામાં આવેલ બાંધકામના મહાપાલિકામાં પ્લાન પાસ કરવામાં આવેલ છે કે કેમ? તેની માહિતી આપવા બાબત. મુદ્દા નં.(૩) ઉપરોકત પ્લોટમાં કુલ ચાર દુકાનો પાડી ભાડે આપવામાં આવેલ છે. (૧) સાઈ કિલનિક (૨) નેશનલ મેડીકલ (૩) શ્રી ચારભુજા મોબાઈલ (૪) હોલ જેમાં જે (ભોજનાલય) ચાલે છે. કોમર્શીયલ બનાવવામાં આવેલ છે રામેશ્વર નગર સોસા. રેસીડેન્સીયલ ઝોન છે તે કોમર્શીયલ હેતુવાળા દુકાનો બનાવવામાં આવેલ છે. પ્લોટ માલીકે હેતુફેરની મહાપાલીકા પાસે પરવાનગી લીધી છે છે કેમ? તેની માહિતી આપવા વિનંતી. મુદ્દા નં.(૪) પ્લોટ ૧૧૩,૧૧૪, ૧૧૫,૧૧૬ ના ભંગી ગલીમાં પ્લોટ કરતાં વધારે ૩ ફુટનું દબાણ કરવામાં આવેલ છે તે કાયદેસર છે કે કેમ? તેની માહિતી આપવા વિનંતી. મુદ્દા નં.(૫) ઉપરોકત પ્લોટમાં જે બાંધકામ થયું છે તે પ્લોટના સાઈઝ મુજબ છે કે કેમ? તેની માહિતી આપવા બાબત. જે બાબતે અરજદારે તા.૧૯–૧–૧૨ ના રોજ નિર્દિષ્ટ સમયગાળામાં જવાબદાર અધિકારી તરફથી કોઈ માહિતી પૂરી પાડવામાં આવેલ નથી તેવું જણાવી પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને અત્રેથી બને પક્ષકારો પાસેથી પૂરક વિગતોમાં માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૬૧૨ તા.૨૭–૧૨–૧૧ થી નિયત સમય અવધિમાં અરજદારને તેમની અરજીમાં

જણાવેલ પ્રશ્નવાળી મિલ્કતમાં ઉધનાઝોન ખાતેથી કોઈ વિકાસ પરવાનગી આપવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે.તેમજ ચારભુજા મોબાઈલના ફોટા પણ રજૂ કરેલ છે. અરજદારે તેમના તા.૧૨–૨–૧૨ થી રાજય માહિતી આયોગમાં કરેલ બીજી અપીલમાં પણ માહિતી નહીં મળ્યાની રજૂઆત કરેલ છે. તેમજ અરજદારે તા.૧૨–૨–૧૨ થી કરેલ બીજી અપીલ અનુસંધાને રાજય માહિતી આયોગ તરફથી અપીલ નં.૧૩૬૬/૨૦૧૨ તા.૫–૩–૧૨ થી અરજદારને દિન–૩૦ માંસાંભળીને અપીલ અંગે નિર્ણય કરવા જણાવવામાં આવેલ છે. તથા જાહેર માહિતી અધિકારી તરફથી વિવાદીને માહિતી મળી જાય તે માટે સુનિશ્ચિત કરવા જણાવવામાં આવેલ અને માહિતી મળ્યા બાદ નારાજગીનું કારણ રહે તો નવેસરથી બીજી અપીલ કરી શકે છે. જેમાં પ્રથમ અપીલના હુકમ અને તારીખ અવશ્ય રજૂ કરવાના રહેશે. તેવું જણાવેલ. જે અંગે અત્રેથી આરટીઆઈ સેલ/૨૦૪૩ તા.૨૧–૩–૧૨ ના પત્રથી તા.૨૮–૩–૧૨ ના રોજ સાજે ૪.૦૦ કલાકે સુનાવણી મુકરર કરવામાં આવેલ છે. જેમાં અરજદાર હાજર રહી રજૂઆત કરેલ કે મારૂતી સલપ્પા આહે નામના શખ્સે ગેરકાયદેસર બાંધકામ કરેલ છે અને આગળના ભાગમાં ચાર દુકાનો બનાવેલ છે અને અરજદારના પ્લોટમાં ૫ ફુટ દબાણ કરેલ છે. વચ્ચે ઝોન અધિકારીઓએ સદર બાંધકામ દુર કરેલ પરંતુ ફરીથી બાંધી દીધેલ છે. બાંધકામની કોઈ પરવાનગી મેળવેલ નથી. આજ મારી અપીલ છે. તાત્કાલીક પગલા લઈ બાંધકામ દુર કરવું. તેવી રજૂઆત કરેલ છે તથા ઉધનાઝોન ધ્વારા જવાબદાર અધિકારી તરફથી માહિતી મળેલ નથી તેવી રજૂઆત કરેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી વતી ડે.ઈજનેર શ્રી વી.ડી.ચૌધરી ઉધનાઝોન હાજર રહી જણાવેલ કે અમારા તરફથી અરજદારને સા.ઝોન/ટેક./૬૧૨ તા.૨૭–૧૨–૧૧ થી નિયત સમય અવધિમાં માહિતી આપવામાં આવેલ છે. તેમ છતાં માહિતીની નકલ ન મળી હોય તો હાથોહાથ સુપ્રત કરું છુ. જે જાહેર માહિતી અધિકારીએ એપેલેટ અધિકારી સમક્ષ અરજદારને આપેલ માહિતીની નકલ રૂબરૂમાં સુપ્રત કરેલ અને તે મળ્યા અંગે અરજદારે સહી પણ કરેલ છે. આમ અરજદારને માહિતી પૂરી પડાયેલ છે. આમ અરજદારની માહિતી અંગેનો હવે કોઈ પ્રશ્ન રહેતો નથી. અરજદારની અપીલમાં જવાબદાર અધિકારી સામે પગલા ભરવાની કરેલ રજૂઆત બાબતે જાહેર માહિતી અધિકારીએ સમય અવધિમાં તે માહિતી પૂરી પાડેલ હોઈ તે અંગે કોઈ પ્રશ્ન રહેતો નથી. વધુમાં અરજદારે અપીલમાં કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ કાયદાની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગ, સેકટર–૧૮, ગાંધીનગરને હોઈ અત્રેથી કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. અરજદારે અપીલમાં કાર્યવાહી હાથ ધરવાને લગતી રજૂઆત કરેલ છે જે માહિતી માંગણીના વ્યાપ બહારની ગણાય.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૦૮–૧૨–૧૧ ની અરજી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને નિયત સમય અવધિમાં પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં બાંધકામ દુર કરવા બાબતેની કાર્યવાહીને લગતી રજૂઆત બાબતે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવાની રહે છે.

(પી.જે.ઝાલા)<br>
ડે.કમિશ્નર (સ્પે.)<br>
અને એપેલેટ ઓફિસર<br>
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ : –૩–૧૨

પ્રતિ,<br>
(૧) એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ...જાણ તથા અમલ માટે.<br>
(૨) શ્રી ફિરોજ એહમદ કલ્લન કુરેશી